ગાંધીનગર સમાચાર

શહેરમાં સ્ટ્રીટ લાઇટના પોલ્સ પર કોર્મશિયલ જાહેરાત કરનારા દંડાશે

# શનિવારે ઉમેદવારીપત્ર ભરવાનો અંતિમ દિવસ

**૧ લોકવિકાસ મંચ અને બે અપક્ષ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી : ઉમેદવારોના ધસારાને પહોંચી વળવા તંત્ર સજ્જ : સંપૂર્ણ વિડીયોગ્રાફી કરાશે**

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગરપાલિકાના ચૂંટણી જંગમાં આજે ત્રણ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. જેમાં એક લોકવિકાસ મંચ તો બે અપક્ષ ઉમેદવારોનો સમાવેશ થાય છે.

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણી માટે ઉમેદવારી પત્ર ભરવાનો હવે શનિવારે અંતિમ દિવસ છે. આ દિવસે ઉમેદવારોના ધસારાને પહોંચી વળવા તંત્રએ પણ તેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. બન્ને મુખ્ય રાજકીય પક્ષો દ્વારા ઉમેદવારોની પસંદગીને આખરી મહોર મારી નથી.

આજે મહાનગરપાલિકાની ૩૨ બેઠકોના ચૂંટણી જંગમાં વોર્ડ નં. ૩, ૫ અને ૮માં એક એક ઉમેદવારી પત્ર ભરાયુ છે. જેમાં બે ઉમેદવારો અપક્ષ છે તો એક ઉમેદવાર લોકવિકાસ મંચના છે.

વોર્ડ નં. ૩માં હસમુખભાઈ પી. વાળાએ અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. તો વોર્ડ નં. ૫ માં સાધુ ઘનશ્યામદાસ રામરતનદાસે અપક્ષ ઉમેદવારી નોંધાવી છે. વોર્ડ નં. ૮માં પ્રહલાદભાઈ ઈશ્વરભાઈ પટેલે લોક વિકાસ મંચના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી છે.

શ્રી પ્રહલાદભાઈ પટેલ અર્બન બેંક સાથે સંકળાયેલા છે અને જિલ્લાના ઈસનપુર મોટા ગામના વતની છે. તેઓ હાલ સે. ૨માં રહે છે.

બીજી તરફ ચેટીચાંદની જાહેર રજા બાદ શનિવારે ફોર્મ ભરવાનો અંતિમ દિવસ હોવાથી ઉમેદવારી પત્ર ભરનારાઓના ધસારાને પહોંચી વળવા તંત્રએ પણ તેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. ફોર્મ ભરવાની સંપૂર્ણ પ્રક્રિયાની વિડીયોગ્રાફી કરવામાં આવનાર હોવાનું પણ જાણવા મળેલ છે. એટલુ જ નહિ ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ રાખવામાં આવનાર છે.

મળતી વિગતો મુજબ ૩૨ બેઠકોના આ ચૂંટણી જંગ માટે કુલ ૫૫૯ ટિકિટ વાંચ્છુઓએ ફોર્મ લીધા છે. વોર્ડ નં. ૫ થી ૮માં ૩૧૦ જેટલા ફોર્મ ગયા છે તો વોર્ડ નં. ૧ થઈ ૪માં ૨૪૯ જેટલા ફોર્મ ગયા છે.

## આજે મનપાની કચેરી કાર્યરત રહેશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગરપાલિકાની ચૂંટણીમાં મિલ્કતવેરા તેમજ શૌચાલય અંગેના પ્રમાણપત્ર મેળવવામાં કોઈને પણ તકલીફ પડે નહિ તે માટે શુક્રવારની રજા હોવા છતાં પણ મહાનગરપાલિકાની કચેરી કાર્યરત રહેશે તેમ એક અખબારી યાદીમાં જણાવ્યુ છે. 'નો ડ્યુ'ના આ પ્રમાણપત્ર ઉમેદવારો માટે મહત્વના હોવાથી રજાના દિવસે પણ શુક્રવાર અને શનિવારે કચેરી કાર્યરત રહેશે.

# ઈ-વોટર્સની અલગથી યાદી તૈયાર થશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગરપાલિકાના ચૂંટણી જંગમાં નોંધણી પામનાર 'ઈ.વોટર્સ'ની યાદી અલગથી તૈયાર કરવામાં આવશે.

૧૪મી એપ્રિલ સુધી ઈ.વોટર્સના રજીસ્ટ્રેશન માટેની કાર્યવાહી ચાલશે. આ પછી ૧૬મી સુધી વેરીફીકેશનની કામગીરી પૂર્ણ કરી ડેટા એન્ટ્રી કરી અલગથી યાદી તૈયાર કરી દેવાશે. જે ચૂંટણી અધિકારીઓને અપાશે. આ ઈ.વોટર્સ નામ આ યાદીના આધારે ડીલીટ કરાશે. અર્થાત્ તેઓના નામની અલગ યાદી બનશે.

ઈ.વોટર્સ તરીકે રજીસ્ટ્રેશન કરી અને વેરીફીકેશનમાં 'હા' પાડનાર મતદારોની જ યાદી બનશે. આ પછી તે મતદારો મતદાન મથક પર જઈ મત આપી શકશે નહિ.

મનપાની પ્રથમ સામાન્ય ચૂંટણીમાં ૬૦૦થી વધુ મતદારો નોંધાયા હતા. આ વખતે પણ આ મતદારોની સંખ્યા વધે તેવો વિશ્વાસ પંચ અને ચૂંટણી સાથે સંકળાયેલા અધિકારીઓ ધરાવી રહ્યા છે.

● અનુસંધાન પાન-૭ પર



જોખમ - ગાંધીનગરના હાર્દસમા સેક્ટર-૨૨માં ગુરૂકુળ પાસે પસાર થતા માર્ગ પર જોખમી વૃક્ષ કેટલાય સમયથી ચર્ચાસ્પદ બન્યું છે... રાહદારી હોય કે વાહનચાલક હોય... અહીંથી પસાર થતા સૌને વૃક્ષની ડાળીનું જોખમ સતાવે છે... માર્ગના વળાંકે હોવાથી મોટાભાગે નજર નહીં પડતી હોવાના કારણે જોખમની માત્રા વધે છે... વન વિભાગ સવેળા વૃક્ષની ડાળી ટ્રીમીંગ કરે એવી અપેક્ષા છે... (તસવીર : કશ્યપ નિમાવત)

# શહેરમાં સ્ટ્રીટ લાઇટના પોલ્સ પર કોર્મશિયલ જાહેરાત કરનારા દંડાશે

**સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના થાંભલા પર બેનર્સ પેમ્ફલેટ ચિપકાવી દેવાય છે**

ગાંધીનગર તા ૭

શહેરમાં સ્ટ્રીટ લાઈટોના થાંભલાઓ જાહેરખબરનુ માધ્યમ બની ગયા છે. કટાયેલા સ્ટ્રીટ લાઇટના પોલ્સ કંગાળ હાલતમાં હોવાની સાથે તેના પર વિવિધ પ્રકારની જાહેરાત માટે પેમ્ફલેટ ચિપકાવી દેવાતા આમ નાગરિકોમાં પણ રોષ પ્રવર્તયો છે. ત્યારે એકબાજુ તંત્ર દ્વારા સ્ટ્રીટ લાઈટના થાંભલાઓને કલરકામ કરવામાં આવી રહયુ છે. ત્યારે આ પ્રકારની જાહેરાત કરતા વેપારીઓને નોટીસ આપી દંડ વસુલવાની કાર્યવાહી પણ ટુંકમાં હાથ ધરાશે.

શહેરમાં સ્ટ્રીટ લાઇટના અંદાજિત ૧૮ હજાર જેટલા લાઈટીંગ પોલ્સ છે. જયારે આ સ્ટ્રીટ લાઈટના થાંભલાની જાળવણી તેમજ વિજ બીલ પાછળ વર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવી રહયો છે. છેલ્લા કેટલાક સમયથી સેકટરોમાં સ્ટ્રીટ લાઈટના પોલ્સ કટાયેલી હાલતમાં કંગાળ ભાસતા થાંભલાઓને કલરકામ કરવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી હતી જેના આધારે તંત્ર દ્વારા સેકટરોમાં સ્થિત રીંગ રોડ પરના ૬૦ થાંભલાઓને કલર કરવાનુ શરૂ કરી દેવાયુ છે. બીજીતરફ સ્ટ્રીટ લાઈટના થાંભલાઓ પર જાહેરાતના પેમ્ફલેટ ચિપકાવી જાહેરાત કરવાનો નુસ્ખો અજમાવતા ખાનગી ધંધાદારીઓની સંખ્યા પણ વિશેષ છે. જેના પરિણામે સ્ટ્રીટ લાઈટના થાંભલા જાહેરાતનુ માધ્યમ બની ગયા છે. સેકટરોની શેરીઓ તેમજ મુખ્ય માર્ગો પર સ્થિત સ્ટ્રીટ લાઈટના પોલ્સ અજવાળુ પાથરવાની સાથે જાહેરાતનુ માધ્યમ બનતા સ્થાનિક રહીશોમાં પણ આક્રોશ પ્રવર્તયો છે. સે-૨૧ માં પણ થાંભલાઓ પર કોર્મશિયલ એડના બેનર્સ ચિપકાવેલા નજરે પડે છે. ત્યારે તંત્ર દ્વારા આ પ્રકારની જાહેરાત કરતા વેપારીઓની યાદી તૈયાર કરી તેમને નોટીસ આપવામાં આવશે.જયારે નોટીસના અંતે દંડ વસુલી પણ કરવામાં આવશે.

# ઈન્ફોસિટીથી રીલાયન્સ ચોકડી સુધી વરસાદી પાણીના નિકાલ માટેની લાઈન નંખાશે

**ટેન્ટર પ્રક્રીયા પુર્ણ ટુંકમાં કામ હાથ ધરાશે**

ગાંધીનગર તા ૭

શહેરમાં વરસાદી પાણીના નિકાલની પાઈપલાઈનનો પ્રોજેકટ હજુ આખરી થયો નથી.જેના પરિણામે સેકટરોમાં ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો ભરાવો થાય છે. જો કે આ મામલે હાલ સર્વે હાથ ધરવામાં આવ્યો છે. જયારે ઈન્ફોસીટીથી રીલાયન્સ ચોકડી સુધી સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી હાથ ધરવા માટે ટેન્ડર પ્રક્રીયા પુર્ણ કરી દેવામાં આવી છે. આગામી મહીનામાં કામ શરૂ કરી દેવાશે.

શહેરમાં વરસાદી પાણીના નિકાલ માટે કોઈ વ્યવસ્થા ગોઠવી શકાઈ નથી. વર્ષોના અંતે પણ શહેરના માત્ર સાત જ સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા છે. જયારે અન્ય સેકટરોમાં આ સુવિધા ઉભી કરવા માટે સર્વે હાથ ધરવામાં આવ્યો છે. જયારે સર્વેની પ્રકીયા પુર્ણ કરી દેવાયા બાદ વિભાગ દ્વારા વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ હાથ ધરવા માટે કાર્યયોજના હાથ ધરવામાં આવશે. ચોમાસા દરમિયાન સેકટરોમાં વરસાદી પાણીનો ભરાવો થતા સ્થાનિક રહીશોને પારાવાર હાલાકી વેઠવી પડે છે. ત્યારે સેકટરોમાં વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા ગોઠવવા માટે પ્રબળ માંગ ઉઠવા પામી છે. બીજીતરફ ઈન્ફોસિટી થી રીલાયન્સ ચોકડી સુધી વરસાદી પાણીનો ખુબ જ ભરાવો થતો હોવાથી રાહદારીઓ માટે મુંઝવણરૂપ સ્થિત ઉદભવતી હતી. નિકાલ માટે ૧ કરોડના ખર્ચે પાઈપલાઈનનુ કામ હાથ ધરવામાં આવશે. આ માટે ટેન્ડર પ્રકીયા પુર્ણ કરવામાં આવી છે. જયારે આગામી મહીનામાં વરસાદી પાણીના નિકાલની લાઈનનુ કામ શરૂ કરી દેવાશે.

# આજે સોની બજારના વેપારીઓની બાઈક રેલી

**એકસાઈઝ ડયુટી નાબુદ કરોની પ્રબળ માંગ સાથે ચિલોડા સત્યાગ્રહ છાવણીથી સવારે બાઈક રેલી નિકળશે**

ગાંધીનગર તા ૭

એકસાઈઝ ડયુટીના વિરોધમાં સોની બજાર બંધ કરી જવેલર્સ એસોસિએશન દ્વારા વિરોધ પ્રદર્શિત કરવામાં આવી રહયો છે. વિવિધ શહેરોમાં જવેલર્સ દ્વારા છેલ્લા એક મહીનાથી ધંધા રોજગારી બંધ કરી એકસાઈઝ ડયુટીના મામલે પ્રચંડ વિરોધ દર્શાવવા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે.ત્યારે ગાંધીનગર જિલ્લા જવેલર્સ એસોસિએશન દ્વારા પણ એકસાઈઝ ડયુટી લડત સમિતિની રચના કરી લડત આપવામાં આવી રહી છે. એસોસિએશન દ્વારા આજે એકસાઈઝ ડયુટીના વિરોધમાં આજે સવારે ૯:૩૦ કલાકે ચિલોડા સત્યાગ્રહ છાવણીથી

● અનુસંધાન પાન-૭ પર




# કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ૧૧મીથી ખાસ મતદાર યાદી સુધારણા ઝુંબેશ

ગાંધીનગર, તા. ૭

કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા ૧૧ એપ્રિલથી ૩૦ એપ્રિલ દરમ્યાન મતદારયાદી સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવશે. ૧૭મી એપ્રિલે આ સુધારણા ઝુંબેશ માટે વિશેષ અભિયાન યોજાશે.

કેન્દ્રીય ચૂંટણી પંચે ૧૧ એપ્રિલથી ૩૦ એપ્રિલ દરમ્યાન ખાસ મતદારયાદી સુધારણા ઝુંબેશનો કાર્યક્રમ હાથ ધરવાનો નિર્ણય કરેલ છે. આને પગલે આ દિવસો દરમ્યાન બુથ લેવલ ઓફિસર (બી.એલ.ઓ.) તેમનુ રજીસ્ટર લઈ ઘરે ઘરે જશે અને મતદારયાદીની સુધારણા માટે મતદારોને જણાવશે તેમજ જો સુધારો હશે તો તે અલગથી ટપકાવી લેશે.

આ ઝુંબેશને સઘન બનાવવાના ભાગરૂપે ૧૭ એપ્રિલને રવિવારના રોજ સવારે ૧૦ થી બપોરના ૧ દરમ્યાન દરેક મતદાન મથક પર બી.એલ.ઓ. હાજર રહેશે. અને જે તે રજુઆતો સાંભળશે એટલુ જ નહિ અરજદારો પાસે જે તે ફોર્મ ભરાવી અને મતદાર નોંધણી અધિકારીને આપશે.

૨૦૧૬ની ૨૨મી જાન્યુઆરીએ મતદાર યાદીની પ્રસિદ્ધિ કરાયા પછી કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા આ પહેલી સુધારણા ઝુંબેશ હાથ ધરવામાં આવી રહી છે. આ માટેની કામગીરીનું આયોજન કરવા માટે જિલ્લાઓને પણ જરૂરી સૂચનાઓ આપી દેવામાં આવી છે.

# કોન્ટ્રાકટરોની લડતને ઈલેકટ્રીક એસોસિએશનનો પણ ટેકો

**નિયમોને આધિન હક્ક માટેની લડતમાં કોન્ટ્રાકટરોને સાથ આપશે**

ગાંધીનગર તા ૬

કોન્ટ્રાકટરોના બીલો ન ચુકવાતા એસોસિએશન દ્વારા લડત શરૂ કરી દેવામાં આવી છે. જયારે આ મામલે માર્ગ મકાન વિભાગના સચિવ દ્વારા પણ ઉડાઉ જવાબ અપાતા કોન્ટ્રાકટરોનો રોષ પ્રબળ બન્યો છે. સરકારી કોન્ટ્રાકટર એસોસિએશનને કેપિટલ ઈલેકટ્રીક કોન્ટ્રાકટર એસોસિએશને પણ ટેકો જાહેર કરી સચિવની ગેરવર્તુણુંકને સખત શબ્દોમાં વખોડી છે.

પાટનગર યોજના વિભાગમાં વિવિધ સરકારી કામો કરતા કોન્ટ્રાકટરોને છેલ્લા ૬ મહીનાથી બીલો ન ચુકવાયા હોવાનો આક્રોશ ભભુક્યો છે. જયારે આ મામલે અગાઉ કોન્ટ્રાકટરો દ્વારા વિભાગના સચિવને રજુઆત કરવામાં આવતા સચિવે અત્યંત ઉધ્ધત જવાબ આપ્યો હતો.જેના લીધે કોન્ટ્રાકટરો આગ બબુલા બનતા તેમના વિરૂધ્ધ સુત્રોચ્ચારો કરી સચિવની બદલી કરવા માટે પણ માંગ કરી હતી.

કોન્ટ્રાકટર એસોસિએશનના જણાંવ્યા મુજબ ૧૨૦ જેટલા કોન્ટ્રાકટરોના બીલોની ૧૪ કરોડની રકમ ચુકવાતી નથી. જયારે આવા સંજોગોમાં મજુરોને નાંણાં ચુકવાનુ પણ ભારે થઈ પડયુ છે. કોન્ટ્રાકટર એસોસિએશનને ધી કેપિટલ ઈલેકટ્રીકલ કોન્ટ્રાકટર એન્ડ સપ્લાયર્સ એસોસિએશને પણ ટેકો જાહેર કરી લડતમાં સાથ આપવાની જાહેરાત કરી છે.

**સ્ટોક માર્કેટની સચોટ અને સમયસર માહિતી ફક્ત સ્ટોક માર્કેટ લીડર જ આપી શકે**

- NSE-BSE-F&O - Commodities, A/c Opening Free
- મીનીમમ બ્રોકરેજ - માર્જીન ફન્ડીંગની સુવિધા
- તમારા સ્ટોકને NSE/NSDLને SLBMમાં આપીને વાર્ષિક ૧૫ થી ૨૫ % રિટર્ન, ૭ થી ૩૭ દિવસો માટે
- નવી-જુની કાર/મકાન ઉપર ફાઈનાન્સ ઉપલબ્ધ
- વેપારી ભાઈઓ માટે પર્સનલ/ગોલ્ડ લોન

★ ટર્મીનલ ઓપરેટર અને માર્કેટીંગ એકઝીકયુટીવની પોસ્ટ માટે મળો. પગાર ૭૦૦૦/- થી ૧૦,૦૦૦/- + ઈન્સેન્ટીવ + પેટ્રોલ

પટેલ કોમ્પ્લેક્ષ, બીજે માળ, ચર્ચની પાછળ, સે.૨૧, શોપીંગ સેન્ટર,
Call - 98246 35435 / 8511568737

**કોમર્શિયલ જગ્યા વેચવાની છે**

ડિસ્ટ્રીક્ટ શોપીંગ સેન્ટર, સેક્ટર-૨૧માં પહેલા માળે 910 Sq.ft. જગ્યા વેચવાની છે.
સંપર્ક કરો
મો. : ૮૫૧૧૯૨૯૩૩૩




Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com